# દેવે વિશ્વાસુ નૂહને શિક્ષામાંથી બચાવ્યો

## બાપ્તિસ્માને લગતો અભ્યાસ

બાળકોની ઉંમર અને જરૂરિયાત મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરો.

પ્રાર્થના અને બાઈબલ વાંચન દ્વારા શિક્ષક પોતાને તૈયાર કરે **ઉત્પતિ ૬, ૭ અને ૮** વાંચો. જે મહત્વનું લાગે તેની નોંધ કરો.



**શોધો...**

- ૬ :૫-૯માં નૂહ કેવા પ્રકારનો માણસ હતો ?
- ૬ :૫-૭ દેવે ઉત્પન્ન કરેલી માનવજાતનો નાશ જળપ્રલય દ્વારા કેમ કર્યો ?
- ૬ :૧૩-૨૨ મોટું વહાણ બનાવવાની દેવની આજ્ઞાને નૂહ કેવી રીતે આધિન થયો ?
- ૭ :૮-૯ નૂહના કુટુંબ ઉપરાંત દેવ વહાણમાં બીજું શું લાવ્યો ?
- ૮ :૧૪-૨૨ જળપ્રલય પછી નૂહે શું કર્યું જેથી દેવ પ્રસન્ન થયો ?

નૂહ અને જળપ્રલયની **વાર્તા કહો.** આ માટે મોટા છોકરાને પણ તૈયાર કરી શકો.

નૂહ વહાણમાં પ્રાણીઓને લઈ જાય છે તેવી **વાર્તાનું નાટક બનાવો.** સભાના આગેવાન પાસે આ નાટક રજુ કરવાની મંજુરી લો. મોટા બાળકો નાનાઓની મદદ કરે.

- નૂહે વહાણમાં લીધેલા કેટલાક પ્રાણીઓના નામ બાળકો બોલે (ગાય, ઘેટા, વાંદરા, વાઘ, કૂતરા, બિલાડી, ગધેડો, કાંગારુ, સસલા વિ.)
- બાળકોની બબ્બેની જોડ બનાવો અને તેમની મરજી મુજબના પ્રાણીના નામ તેમને આપો. દા.ત. એક જોડી વાઘની ગણાય તે રીતે
- દરેક જોડી પોતે જે પ્રાણીનું નામ ધારણ કર્યું હોય તેનો અવાજ કાઢે અને બીજા બાળકો તેમને ઓળખી બતાવે. જેમ કે, **ગધેડાનું** હોચી, **બકરીનું** બેં બેં, **સિંહની** ગર્જના, વિગેરે પોતાની આંગળીઓ વડે શિંગડાવાળા પ્રાણીના શિંગડા બનાવવા.
- એક મોટો બાળક નૂહ બને તે પ્રાણીઓને વહાણમાં દોરી જોય. તેઓ જોડીમાં જાય. નૂહ તેમને કહે, 'ઉતાવળ કરો પ્રલય આવે છે માટે મોટા વહાણમાં જલ્દી આવો.'
- આ જોડીઓ વહાણમાં પ્રવેશે ત્યારે તેઓ ચાર પગે (ઘુંટણે) ચાલે અને જેઓ સસલા, કાંગારુ જેવા પ્રાણી બન્યા હોય તેઓ કુદકા પણ મારે. પોતે જે પ્રાણી બન્યા હોય તેનો અવાજ તેઓ કાઢે. હાથી બનેલ બાળક નમીને ચાલે અને એક હાથ આગળ સુંઢની જેમ હલાવતો રાખે.

પોતે જે પ્રાણી બન્યા હોય તે પ્રાણીનું **ચિત્ર બાળકો દોરે**. મોટા બાળકો નાનાઓની સહાય કરે. (ચિત્રોના આપેલા નમૂના જોવા)

- જો નૂહ ને પ્રાણીઓનું નાટક તમે મોટાઓ સમક્ષ રજુ કર્યું હોય તો તેઓને ધારણા કરવા દો કે આ પ્રાણીઓ શું દર્શાવે છે. બાળકો મોટાઓને પ્રશ્નો પૂછવાની રજા આપે. બાળકો પાસે પાણી ઉપર વહાણનું **ચિત્ર દોરાવો.**

- આ વહાણ કઈ રીતે દેવ આપણને ઈસુ ખ્રિસ્ત મારફતે પાપથી તારે છે તે દર્શાવે છે. તેવું બાળકોને પૂછો. ઈસુ વહાણની સમાનતામાં કઈ રીતે છે ?

નૂહ અને તેના વહાણનું નાનું ગીત બનાવો. બાળકો પોતાના માબાપને તે સંભળાવે અથવા ગાઈ બતાવે. ભજનસેવામાં પણ તેઓ બતાવે.

નીચે આપેલા પ્રાણીઓના ચિત્રોના સેમ્પલો જોઈને બાળકો ચિત્રો દોરે. તેઓ આ સેમ્પલ પ્રમાણે અથવા પોતાની રીતે ચિત્રો દોરી શકે.



ચાર બાળકો ગી.શા. ૩૨ :૧,૩,૫ અને ૭ કલમો બોલી જાય

જેનું ઉલ્લંઘન માફ થયુંછે અને જેનું પાપ ઢંકાઈ ગયું છે તેને ધન્ય છે.

જ્યારે હું શાંત રહ્યો ત્યારે આખો દિવસ કણવાથી મારા હાડકાં જીર્ણ થયા

ત્યારે મેં મારુ પાપ તારી આગળ કબૂલ કર્યું. મેં કહ્યું, હું મારા પાપ પ્રભુની આગળ કબૂલ કરીશ અને તેં મારા પાપ માફ કર્યા.

તું મારી સંતાવાની જગા છે સંકટને સમયે તું મારુ રક્ષણ કરીશ અને મારી આસપાસ ઉદ્ધારના ગીત ગવડાવીશ

પ્રેકૃ. ૨ :૩૮ **મુખપાઠ કરો.**

**મોટા બાળકો** ટૂંકી વાર્તા લખે.

- એક છોકરાની વાર્તા લખે કે તેના મિત્રો તેને એક દુકાનમાંથી વસ્તુઓ ચોરવા તેમનીસાથે જવા તેને સમજાવે છે તે ના પાડે છે. તેઓ તેના પર ગુસ્સે થાય છે અને તેને અપશબ્દો કહે છે.પણ તે જતો નથી.
- બાકીના છેવટે દુકાન પર જાય છે. પણ પોલીસ તેમને ચોરી કરતા પકડી લે છે અને જેલમાં પૂરી દે છે.
- પેલો પહેલો છોકરો તેમની મુલાકાત લે છે અને તેમને ખોરાક આપે છે.

બાળકો આ વાર્તાને પોતાની રીતેલખે. આ વાર્તામાંથી એ બોધપાઠ મળે કે પાપની સજા થવી જ જોઈએ પણ પ્રભુ ઈસુ આપણને દેવની સજાથી બચાવે છે.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, અમે તમારો આભાર માનીએ છીએ કારણ કે જેમ નૂહ તેની પત્ની અને તેના દીકરાઓને માટે તમે કર્યું ખ્રિસ્તમાં તમે અમને દેવની ન્યાયી સજામાંથી સલામત આશરો આપ્યો છે. ઈસુના નામમાં, આમેન.